RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 101, Dt.08-07-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મેઘરાજા આફત બની વરસતા માયાનગરી પાણીમાં ગરકાવ



## છ કલાકમાં ૧૨ ઈંચ વરસાદ ખાબકયોઃ મધરાતે મેઘરાજાએ દેખાડયો અસલી મિજાજઃ સમગ્ર મહાનગર જળબંબાકારઃ વાહન-રેલ અને વિમાન સેવા પ્રભાવિતઃ શાળાઓમાં રજા જાહેર

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ચોમાસાનાં આગમનના એકાદ મહિના બાદ દેશના આર્થિક એવા મુંબઈએ ચોમાસામાં અસલી રંગ નિહાળ્યો હોય તેમ અનરાધાર વરસાદથી મુંબઈ પણી-પાણી થઈ ગયુ હતું અનેક ભાગોમાં માત્ર ૬ કલાકમાં ૧૨ ઈંચ વરસાદ ખાબકતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જનજીવન સ્થગીત થઈ ગયુ હતું. રેલ-વિમાની સેવા પ્રભાવીત બની હતી.ઉપરાંત આજે શાળા-કોલેજોમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી.

નૈઋત્ય ચોમાસાનું આગમન ગત મહિનામાં જ થઈ ગયુ હતું પરંતુ હજુ સુધી મેઘરાજાએ અસલી મિજાજ દેખાડયો ન હતો ત્યારે ગઈ મધરાત બાદ મુંબઈ પર એકાએક વાદળોના ડેરા તંબુ સર્જાયા હતા અને અનરાધાર વરસાદના મંડાણ થયા હતા. મોડીરાત્રે એક વાગ્યાથી સવારે સાત વાગ્યા સુધીમાં મહાનગરમાં અનેક ભાગોમાં ૩૦૦ મીમી સુધીનો વરસાદ વરસી ગયો હતો.

હવામાન વિભાગનાં સતાવાર રિપોર્ટ પ્રમાણે શાંતાક્રુઝ વિસ્તારમાં સરેરાશ સાડા દસ ઈંચ (૨૬૭ મીમી), તથા કોલાબા ક્ષેત્રમાં સરેરાશ સાડા ત્રણ ઈંચ (૮૪) મીમી પાણી વરસ્યુ હતું. જોકે અનેક પરા ક્ષેત્રોમાં વરસાદનો આંકડો ૩૦૦ મીમી કે તેથી પણ વધુ હતો.

આખી રાત વરસેલા મુશળધાર વરસાદને કારણે મોટાભાગનાં વિસ્તારો પાણી-પાણી થઈ ગયા હતા.અનેક ભાગોમાં જળબંબાકાર સર્જાતા માર્ગો વાહન વ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યા હતા.

સરકારી સુત્રોએ કહ્યું કે દાદરમાં હાલત ગંભીર બની હતી. માર્ગોથી માંડીને રેલવે ટ્રેક પર સર્વત્ર પાણી ફરી વળ્યા હતા. માર્ગો પર કાર પણ અર્ધી ડુબી ગઈ હતી. તેના પરથી જ જળબંબાકારની સ્થિતિનો અંદાજ આવી જતો હતો. રેલવે ટ્રેક પર પાણી ભરાતા લોકલ રેલ સેવા પણ પ્રભાવીત થઈ હતી. એરપોર્ટ સુધી પહોંચવામાં પ્રવાસીઓને મુશ્કેલી હતી. જેને પગલે વિસ્તારા સહીતની એરલાઈન્સે પ્રવાસીઓ માટે એડવાઈઝરી જારી કરી હતી.

સમગ્ર મહાનગર પાણી-પાણી હોવાથી અને માર્ગ વ્યવહારમાં અવરોધ હોવાથી સ્થાનિક તંત્ર દ્વારા શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી. સાયન, ભાંડૂપ તથા નાહુર સ્ટેશનો વચ્ચે લોકલ ટ્રેન સેવા પ્રભાવીત થઈ હતી. રેલવે ટ્રેક પાણીમાં ડુબી ગયા હોવાથી એકાદ કલાક ટ્રેનો અટકાવી દેવામાં આવી હતી. હાર્બર લાઈનની રેલ સેવાને પણ અસર હતી. સીએસટી, કુર્લા, વિક્રોલી, સહીતના સ્ટેશનોએ અસર હતી.

સ્થાનિક સુત્રોના કહેવા પ્રમાણે અંધેરી, કુર્લા, ભાંડુપ, કીંગ સર્કલ, દાદર સહીતનાં અનેક ભાગોમાં ભારે જળબંબાકારની હાલત હતી. ડ્રેનેજ લાઈન જામ થતા પાણીનો ભરાવો વધ્યો હતો. અનેક સબ-વે પણ પાણી ભરાતા બંધ કરી દેવાયા હતા.

# કાશ્મીરમાં કબાટમાં બંકર બનાવી છુપાયેલાં ૪ ત્રાસવાદીઓનો ખાત્મો

**મુખ્ય સમાચાર, શ્રીનગર**




કાશ્મીરમાં છેલ્લા એકાદ મહિનાથી ત્રાસવાદી હુમલાની વધતી ઘટનાઓ વચ્ચે કુલગામમાં સુરક્ષાદળોએ છ આતંકવાદીઓનો સફાયો કર્યો હતો. ત્રાસવાદીઓ કબાટમાં બંકર બનાવીને છુપાયા હતા છતાં સૈન્યદળોએ ઢેર કરી નાખ્યા હતા. દક્ષિણ કાશ્મીરના કુલગામ જીલ્લામાં સુરક્ષાદળો તથા ત્રાસવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી તેમાં ધ રજીસ્ટેંસ ફ્રંટ (ટીઆરએફ) સંગઠન સહિત બે આતંકીઓનો ખાત્મો કરવામાં આવ્યો હતો.

આદિલ હુસૈન નામનો આ ત્રાસવાદી કમાંડર વર્ષ ૨૦૨૨માં શોપિયામાં સફરજનનાં બગીચામાં કાશ્મીરી હિન્દુ સુનિલકુમારના ટારગેટકીલીંગમાં સામેલ હોવાનો ખુલાસો થયો છે. કુલગામમાં જ બે જુદા-જુદા એન્કાઉન્ટરમાં છ ત્રાસવાદીઓને ઠાર મારી દેવામાં આવ્યા હતા. હજુ બન્ને સ્થળોએ અથડામણ ચાલુ જ રહી છે. સુરક્ષાદળો દ્વારા સમગ્ર વિસ્તારને કોર્ડન કરી તલાશી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.સૈન્યના એક અધિકારીએ જણાવ્યું હતું કે, કુલગામના ચિનીગામ ક્ષેત્રમાં ત્રાસવાદીઓ કબાટમાં છુપાયા હતા. કબાટની પાછળ બંકર બનાવવામાં આવ્યું હતું. એન્કાઉન્ટર બાદ સૈન્ય જવાનોએ મકાનની તલાશી લેતા બંકરનો ખુલાસો થયો હતો.

# કેન્દ્ર સરકારનું આગામી બજેટ સામાન્ય નહીં પણ ખાસ હશે

## આમ આદમીને મહત્તમ રાહત આપવા પર ધ્યાન કેન્દ્રીત કરાશેઃ લોકસભાની ચૂંટણીના ઝટકા બાદ મોદી સરકાર આગામી વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી રાહતનો મલમ લગાવશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



કેન્દ્રમાં એનડીએ સરકારની રચના બાદ બજેટ સત્રની જાહેરાત થઈ છે.આગામી ૨૩ જુલાઈએ બજેટ રજુ થનાર છે. તે પૂર્વે વિવિધ અટકળો જોર પકડવા લાગી છે.આ વખતનું બજેટ સામાન્ય નહિં પણ ખાસ હશે અને આમ આદમીને રાહત આપવા પર ફોકસ કરતી જોગવાઈઓ રહેવાનું માનવામાં આવે છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામન સતત સાતમી વખત બજેટ રજુ કરશે. મોંઘવારીને રોકવા આર્થિક રફતારને જાળવવા તથા લોકસભા ચૂંટણીમાં નબળા દેખાવ બાદ આગામી વિધાનસભાની ચૂંટણીમાં રાજકીય લાભ થાય તેવા પગલાઓ લેવાનો પડકાર હશે. નવી સરકારની રચનામાં પ્રથમ વર્ષે સામાન્ય રીતે લોકપ્રિય પગલાઓનું દબાણ રહેતુ નથી.

પરંતૂ લોકસભા ચૂંટણીમાં ઝટકા બાદ હવે આવતા મહિનાઓમાં મહારાષ્ટ્ર, હરીયાણા તથા ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી થવાની હોવાથી એનડીએ સરકાર માટે તે જરૂરી બની ગયુ છે અને એટલે આમ આદમીને રાહત આપતા પગલાઓ પર ધ્યાન ફોકસ કરી શકે છે.

અર્થતંત્રના નિષ્ણાંતોના કહેવા પ્રમાણે સરકારના વચગાળાના બજેટમાં ૧૧.૧૧ લાખ કરોડ રૂપિયાના મૂડી ખર્ચનો ટારગેટ આપવામાં આવ્યો હતો. તેમાં કોઈ કાપ મુકયા વિના ચાલુ વર્ષની ૪.૯ થી ૫ ટકાની રાજકોષિય ખાધનો ટારગેટ રાખી શકે છે. છેલ્લા વર્ષોમાં આ ખાધને અંકુશમાં રાખવામાં સફળતા મળી છે કારણ કે મહેસુલી આવકમાં વધારો થયો છે. અર્થશાસ્ત્રીઓનાં કહેવા પ્રમાણે સામાન્ય રીતે નવી સરકાર પર લોકપ્રિય કદમ ઉઠાવવાનું દબાણ હોતું નથી.એનડીએ સરકાર છેલ્લા દસ વર્ષથી જે રાહ પર ચાલી રહી છે તેમાં જ આગળ વધી શકે છે. કારણ કે આર્થિક વિકાસની રફતાર જાળવી રાખવી પડે તેમ છે.ઉત્પાદન વધારવાનાં કદમ ઉઠાવાય શકે છે. ખર્ચ-ખરીદી-વપરાશ વધારવાની દિશામાં પગલા લેવાનું પડકારજનક બનશે.

આ માટે નવી ટેકસ પદ્ધતિમાં બદલાવ શકય છે.જેનાંથી ખર્ચ કરવા લોકોના હાથમાં વધુ રકમ રહી શકે.સુત્રોના કહેવા પ્રમાણે સરકાર ૬૫ લાખ રૂપિયા સુધીનાં મકાનોને એફોર્ડેબલ હાઉસીંગમાં સામેલ કરી શકે છે. આ સિવાય આયુષ્યમાન મનરેગા, માર્ગ મકાનની યોજનામાં વધુ ફાળવણી કરી શકે છે.કૃષિક્ષેત્ર માટે ખાસ જોગવાઈ શકય છે.

# સાપુતારાની ખીણમાં ખાબકેલી બસના મુસાફરોની જિંદગી એક ઝાડે બચાવીઃ બેના મોતઃ ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



પર્યાવરણ બચાવવા એક પેડ જિંદગી કે નામ જેવાં અનેક સ્લોગન ચલાવવામાં આવે છે. તેમાં પણ ગરમીનું પ્રમાણ વધતાં હવે વૃક્ષની કિંમત સમજાવવા લાગી છે. તાજેતરમાં સાપુતારામાં ખીણમાં બસ ખાબકી હતી અને આ બસમાં રહેલી ૫૭માંથી ૫૫ જિંદગી એક ઝાડને કારણે બચી ગઈ હતી.

રવિવારની સાંજે (૭ જુલાઈ, ૨૦૨૪)સાપુતારાના માલેગામ ખાતે યુ-ટર્ન પર ઓવરટેક કરવા જતાં સુરતના ૫૭ પર્યટકો ભરેલી બસ પલટી મારી ગઇ હતી. જેમાં વિન્ડો સીટ પર બેસેલા ૩ વર્ષીય ભાઈ અને ૭ વર્ષીય બહેનનું ફંગોળાઇ બહાર ફેંકાતાં મોત થયું હતું. જ્યારે ૨૮ લોકોને ઇજા થતાં તેમને નજીકના શામગહાન સીએચસી સેન્ટર ખસેડાયા હતા. જેમાં ૪ લોકોની હાલત ગંભીર થતાં તેમને આહવા હોસ્પિટલ રિફર કરાયા હતા. જ્યાંથી સાત જેટલા ઇજાગ્રસ્તોને સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે એક ઈજાગ્રસ્તે જણાવ્યું કે બસ ખીણમાં ખાબકી ત્યારે ઝાડ સાથે અટકી ગઈ હતી એટલે બચી ગયા હતા.


સુરતથી ગત શનિવારે રાત્રે વરાછાના બાપા સીતારામ ટ્રાવેલની ત્રૃઉ૦૫ ઇઝ૯૩૯૩ નંબરની બસ સગરામપુરા પાસેથી સાપુતારા માટે ઊપડી હતી. સાપુતારામાં સહેલગાહ કરી રવિવારે સાંજે પર્યટકો સુરત રવાના થયા હતા. સાપુતારાથી બે કિલોમીટરના અંતરે બસના ચાલકે ઓવર ટેકની લાયમાં સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો, જેથી બસ ખીણમાં ઊતરી ગઈ હતી અને પલટી મારી ગઇ હતી.

આ અકસ્માતમાં બસમાં સવાર ગોપીપુરા મોમનાવાડના ૭ વર્ષીય અતિફા અશ્ફાક શેખ અને ૩ વર્ષીય ઉમર અશ્ફાક શેખનું સ્થળ પર મોત નીપજ્યું હતું. ૨૮ લોકોને ઇજા થતાં તેમને નજીકના શામગહાન સીએચસી સેન્ટર ખસેડાયા હતા. જેમાં ૪ લોકોની હાલત ગંભીર થતાં તેમને આહવા હોસ્પિટલ રિફર કરાયા હતા. જ્યાંથી સાત જેટલાને સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અન્ય ૩૩ પર્યટકોને બીજી બસમાં સુરત મોકલવામાં આવ્યા હતા.

આ અંગે ઇજાગ્રસ્ત થયેલા શબ્બીર મન્સુરીએ જણાવ્યું હતું કે, આ બધું અચાનક જ થઈ ગયું હતું. ઓવરટેક કરવા જતા સમયે બસ આખી ટર્ન થઈ ગઈ હતી. ત્યારબાદ ખીણમાં ઊતરીને ઝાડ સાથે અથડાઈ હતી. બસમાં સાતથી વધુ લોકો હતા તેમને ઈજા થઈ હતી. ડ્રાઇવરને વધુ ઈજા થઈ હતી. મારા પરિવારમાંથી હું એક જ હતો. ઘણા બધા ઇજાગ્રસ્ત થયા હતા તેમને બે હોસ્પિટલ બાદ સુરત મોકલવામાં આવ્યા છે. બસ ઝાડ સાથે અથડાતા ખીણમાં ઊંડે જતા અટકતા અમે બચી ગયા હતા.સુરત સિવિલ હોસ્પિટલમાં સાપુતારાથી ઇજાગ્રસ્તોને ખસેડવામાં આવતા હોવાથી તંત્ર એલર્ટ થઈ ગયું હતું. તાત્કાલિક ટ્રોમા સેન્ટરમાં ૨૦ બેડનો એક વોર્ડ ઊભો કરી દેવામાં આવ્યો હતો. આ સાથે જ ડોક્ટરોને પણ સ્ટેન્ડ બાય કરી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ મધ્યરાત્રિએ એક બાદ એક ઇજાગ્રસ્તોને લાવવામાં આવ્યા હતા. ત્યાર બાદ તેમને તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી. સામાન્ય ઈજા થયેલાને રજા આપી દેવામાં આવી છે. જ્યારે એકને માથામાં ગંભીર ઇજા હોવાથી તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

# ચીનની ફરી અવળચંડાઈ, પેંગોંગ તળાવ નજીક બંકરો બનાવ્યા, સેટેલાઈટ તસવીરો દ્વારા ખુલાસો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



ચીનની સેના પૂર્વ લદાખમાં પેંગોંગ તળાવની આસપાસના વિસ્તારમાં સતત ખોદકામ કરી રહી છે. તેણે અહીં હથિયારો અને ઈંધણના સંગ્રહ માટે ભૂગર્ભ બંકર બનાવ્યા છે. આ ઉપરાંત આ વિસ્તારમાં એક મુખ્ય મથક પર બખ્તરબંધ વાહનો માટે એક બેઝ પણ તૈયાર કર્યો છે. સેટેલાઇટથી લીધેલી તસવીરોમાં આ વાત સામે આવી છે.

અહેવાલો અનુસાર, પેંગોંગ તળાવ નજીકના પહાડોની વચ્ચે સિરજેપમાં પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ) બેઝ છે. આ બેઝ તળાવની આસપાસ ચીની સૈનિકોનું મુખ્યાલય છે. તે એવા વિસ્તારમાં બનાવવામાં આવ્યું છે જેના પર ભારત દાવો કરી રહ્યું છે. તે વાસ્તવિક નિયંત્રણ રેખાથી માત્ર ૫ કિ.મી. દૂર છે. મે ૨૦૨૦માં એલએસી પર ચીન અને ભારત વચ્ચેના વિવાદ પહેલા આ વિસ્તાર સંપૂર્ણપણે ખાલી હતો, જેમાં કોઈ વસાહત ન હતી.

અહેવાલો અનુસાર, ૩૦મી મેના રોજ લેવાયેલી તસવીરોમાં એક મોટા ભૂગર્ભ બંકરના આઠ દરવાજા સ્પષ્ટપણે દેખાઈ રહ્યા છે. આ વિસ્તારમાં તહેનાત બખ્તરબંધ વાહનો માટે પાર્કિંગ છે. આ બેઝમાં બખ્તરબંધ વાહનો તેમજ ઈંધણ અને દારૂગોળો સંગ્રહ કરવાની સુવિધા છે. આ બંકરો ભૂગર્ભ રસ્તાના વ્યાપક નેટવર્ક સાથે જોડાયેલા છે. આ બેઝ ગલવાન ખીણના દક્ષિણ-પૂર્વમાં ૧૨૦ કિલોમીટર દૂર સ્થિત છે, જ્યાં જૂન ૨૦૨૦માં અથડામણ થઈ હતી. આ અથડામણમાં ૨૦ ભારતીય જવાનો શહીદ થયા હતા. જોકેઆ તસવીરો પર ભારત તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

# ઉત્તરાખંડમાં ભારે વરસાદને પગલે ગંગા તોફાની બની, નદી કિનારે રહેતા હજારો લોકોને સલામત સ્થળે ખસેડાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



ઉત્તરાખંડમાં ભારે વરસાદને કારણે રવિવારે ઋષિકેશમાં ગંગા નદીનું જળસ્તર એકા-એક વધી ગયું છે. ત્યા સુધી કે, નદીનું પાણીનું સ્તર ત્રિવેણી ઘાટના આવેલા આરતી સ્થળ પર પહોંચવા લાગ્યું હોવાથી સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સએ મુસાફરોને ચેતવણી જારી કરી હતી, અને યાત્રાળુઓને રાત્રે ઘાટ પર ન જવાની સલાહ આપી હતી.

દેહરાદૂનના પોલીસ અધિક્ષક (ગ્રામીણ) લોકજીતે કહ્યું કે, પોલીસ સતત વહીવટીતંત્ર સાથે સંપર્કમાં જ છે. નદી કિનારે રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે નસ્ત્રપાણીના સ્તર વધવાની આગાહી પહેલેથી જ કરવામાં આવી હતી. અમે વહીવટીતંત્ર અને સંબંધિત વિભાગો સાથે સતત સંપર્કમાં છીએ. તેમજ પોલીસ પણ જરૂરી કાર્યવાહી કરી રહી છે. નદી કિનારે રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. અને લોકોને નદી કિનારે જતા રોકવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

હવામાન વિભાગે ઉત્તરાખંડમાં ૧૦ જુલાઈ સુધી ઘણા વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. IMDએ ઘણી જગ્યાએ ભારે વરસાદની આગાહી કરી છે. કુમાઉ પ્રદેશના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ થઈ શકે છે.

હવામાન વિભાગના અહેવાલ પ્રમાણે ઉત્તરાખંડના ચમોલી, રૂદ્રપ્રયાગ અને પૌરી જિલ્લામાં રવિવારે ભારે વરસાદની સંભાવના છે. દેહરાદૂન, ટિહરી, હરિદ્વાર અને ઉત્તરકાશી જિલ્લામાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.હવામાનની આગાહી પ્રમાણે કે, ૮-૯ જુલાઈના રોજ રાજ્યના પહાડી અને મેદાની વિસ્તારોમાં ગાજવીજ અને ભારે વરસાદ પડવાની સંભાવના રહેલી છે. એ પછી ૧૦ જુલાઈએ ટિહરી, પૌરી, બાગેશ્વર, અલ્મોડા, નૈનીતાલ અને ચંપાવત જિલ્લામાં ભારે વરસાદની સંભાવના છે.

# અસંગઠિત ક્ષેત્રના નાના ઉદ્યોગોમાં ઓનલાઈન વ્યવહારો ઝડપથી વધ્યા

## કોરોના મહામારી પછી નાના ઉદ્યોગોમાં ડિજિટલાઈઝેશન નોંધપાત્ર રીતે ઝડપી બન્યું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



દેશના વિશાળ અસંગઠિત ક્ષેત્રના ૫ માંથી ૧ થી વધુ સાહસોએ ઓર્ડર લેવા અથવા વ્યવહારો કરવા માટે ઇન્ટરનેટનો ઉપયોગ કર્યો છે. શુક્રવારે નેશનલ સ્ટેટિસ્ટિકલ આફિસ દ્વારા બહાર પાડવામાં આવેલા અસંગઠિત ક્ષેત્રના સાહસોના વાર્ષિક સર્વેના નવીનતમ ડેટા અનુસાર, ઓક્ટોબર ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૩ના સમયગાળા દરમિયાન અસંગઠિત સાહસો દ્વારા ઉદ્યોગસાહસિક હેતુઓ માટે ઇન્ટરનેટનો ઉપયોગ વધ્યો છે.

ડેટા દર્શાવે છે કે રાષ્ટ્રીય સ્તરે, આક્ટોબર ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન ઉદ્યોગસાહસિક હેતુઓ માટે ઇન્ટરનેટનો ઉપયોગ કરતી સંસ્થાઓનો હિસ્સો વધીને ૨૧.૧ ટકા થયો છે, જે એપ્રિલ ૨૦૨૧ થી માર્ચ ૨૦૨૨ દરમિયાન ૧૩.૯ ટકા હતો.

આ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી અને ડિજિટલ પ્લેટફોર્મના ઉપયોગમાં સુધારો દર્શાવે છે. તે એ પણ દર્શાવે છે કે ગ્રામીણ વિસ્તારોમાં અસંગઠિત સાહસો દ્વારા ઇન્ટરનેટનો ઉપયોગ ૭.૭ ટકાથી વધીને ૧૩.૫ ટકા થયો છે. તે જ સમયે, આ સમયગાળા દરમિયાન શહેરી વિસ્તારોમાં અસંગઠિત સાહસો દ્વારા ઇન્ટરનેટનો ઉપયોગ ૨૧.૬ ટકાથી વધીને ૩૦.૨ ટકા થયો છે.

કોવિડ રોગચાળા પછી નાના ઉદ્યોગોમાં ડિજિટલાઇઝેશન નોંધપાત્ર રીતે ઝડપી બન્યું છે. તેમણે કહ્યું કે, મોટા પ્રમાણમાં અસંગઠિત અને અનૌપચારિક ક્ષેત્રમાં નાની સંસ્થાઓ ઝડપથી ડિજિટલ ટેક્નોલોજી અપનાવી રહી છે અને તેમના વ્યવસાયને વિસ્તારી રહી છે. હવે ડિજિટલ પેમેન્ટ વ્યાપક બની ગયું છે.

ભારતીય અર્થતંત્રમાં અસંગઠિત ક્ષેત્ર મહત્વનું છે કારણ કે આ ક્ષેત્રમાં મોટી સંખ્યામાં સંસ્થાઓ છે અને મોટી સંખ્યામાં અકુશળ, અર્ધ-કુશળ અને કુશળ લોકોને આ ક્ષેત્રમાંથી રોજગાર મળે છે. ઉપરાંત, તેઓ દેશના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)માં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# મોરબીમાં વર્ષ ૨૦૧૪માં ખાખરેચી ગામે ખેતર માલિકની લૂંટના ઈરાદે હત્યા નીપજાવનાર ખેત શ્રમિકને આજીવન કેદની સજા

## હત્યાના ગુનામાં સંડોવાયેલ બીજા શ્રમિકને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કરાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાના માળીયા(મી) તાલુકામાં આવેલ ખાખરેચી ગામે વર્ષ ૨૦૧૪ માં પોતાના ખેતરે આંટો મારવા આવેલ ખેતર માલિકને તેના ખેતરમાં કામ કરતા બે ખેતશ્રમીક દ્વારા હાથમાં પહેરેલ સોનાની બે વિટી તથા મોબાઇલની લૂટ કરી તીક્ષ્ણ હથિયાર વડે ગંભીર ઇજા પહોંચાડી નિર્મમ હત્યા નીપજાવવાના ગુનામાં મોરબી સેશન્સ કોર્ટ દ્વારા એક ખેત શ્રમિકને દસ્તાવેજી તથા મૌખિક પુરાવાને આધારે દોષિત જાહેર કરી આજીવન કેદ તથા દંડની સજા ફરમાવવામાં આવી છે જ્યારે બીજા ખેત શ્રમિકને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવાનો આદેશ કર્યો છે.



ઉપરોક્ત કેસની પ્રાપ્ત વિગત મુજબ માળીયા(મી)ના ખાખરેચી ગામે ગોદામ બાજુમાં રહેતા મૃતક રમેશભાઇ શંકરભાઈ સંખેસરીયાનું ખેતર ખાખરેચી ગામની સીમમાં આવેલ છે જેમાં આરોપી પંકજભાઈ ડામોર રહે. દાહોદ જીલ્લાના સંજેલી ગામ તેની પત્ની સાથે ખેતરની ઓરડીમાં રહી ખેત મજૂરી કરતા હોય ત્યારે આરોપી પંકજભાઈની પત્નીને પ્રસૃતીનો સમય આવતા તે તેના વતનમાં ચાલી ગઈ હતી. બીજીબાજુ ખેતરમાં કામ કરવા પંકજભાઈનો મિત્ર કાળુ વરસિંગ કટારા રહે.ગોધરા જીલ્લાના બતકવાડા ગામવાળો આવેલ હોય ત્યારે ગત તા.૧૭ ઓક્ટોબર ૨૦૧૪ ના રાત્રીના ખેતર માલિક રમેશભાઇ સંખેસરીયા પોતાના ખેતરે આંટો મારવા ગયા હતા તે સમયે આરોપીઓએ રમેશભાઈને માથામાં તથા શરીરે તીક્ષ્ણ હથિયારના ઘા મારી રમેશભાઈએ પહેરેલ બે સોનાની વીટી તથા મોબાઇલની લૂટ ચલાવી બંને આરોપીઓ ભાગી ગયા હતા. બીજીબાજુ તીક્ષ્ણ હથિયારના ઘા દ્વારા ઇજા પહોંચેલ રમેશભાઈનું સ્થળ ઉપર મોત નીપજ્યું હતું. હત્યાના બનાવ અંગે મૃતકના ભત્રીજા જીતેન્દ્રભાઈ લાભુભાઈ સંખેસરીયા દ્વારા બંને આરોપી પંકજભાઈ ડામોર તથા કાળુ વરસિંગ કટારા સામે માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને આરોપીની અટકાયત કરી નામદાર કોર્ટ હવાલે કર્યા હતા.

વર્ષ ૨૦૧૪માં બનેલ હત્યાના બનાવનો કેસ મોરબીની ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલી જતા ૧૭ મૌખિક પુરાવા તથા ૨૭ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઇ તેમજ સરકાર તરફના વકીલ વિજયભાઈ જાનીની કાયદાકીય દલીલોને ગ્રાહ્ય રાખી મોરબી સેશન્સ કોર્ટના જજસાહેબ દ્વારા હત્યાના આરોપી પંકજભાઈ બહાદુરભાઈ ડામોરને આજીવન કેદ તથા રૂ.૧૦ હજારના દંડની સજા ફટકારવામાં આવી છે. જ્યારે હત્યાના ગુનામાં સંડોવાયેલ બીજો આરોપી દિલીપ ઉર્ફે કાળુ વરસીંગ કટારાને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવા આદેશ કરવામાં આવ્યો છે.

# હળવદ નજીક ટ્રકમાં માટીની બોરીઓની આડમાં રાજસ્થાનથી મોરબી લઈ જવાતા વિદેશી દારૂ-બીયરનો જથ્થો ઝડપાયો

## એલસીબી/ પેરોલ ફર્લો સ્કવોડ પોલીસે દારૂની મોંઘીદાટ ૭૨ બોટલ તથા બીયરના ૭૨ ટીન સાથે આરોપી રાજસ્થાની ટ્રક ચાલકની અટક કરીઃ માલ મંગાવનાર મોરબીના મુસ્તાકની શોધખોળ

**મુખ્ય સાચાર, મોરબી**

મોરબી એલસીબી પોલીસ તથા પેરોલ ફર્લો સ્કવોડ ટીમને મળેલ બાતમીને આધારે હળવદ ટાઉનમાં મોરબી ચોકડી નજીકથી ટ્રકમાં માટીની બોરીઓની આડમાં મોરબી લઈ જવાતો વિદેશી દારૂ બીયરના જથ્થા સાથે રાજસ્થાની ટ્રક ચાલકની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ટ્રક ટ્રેઈલરમાં માટીની બોરીઓની નીચે બનાવેલ ચોરખાનામાંથી મોંઘીદાટ વિદેશી દારૂની ૭૨ બોટલ તથા બીયરના ૭૨ ટીન ઝડપી લેવામાં આવ્યા હતા. પકડાયેલ આરોપી ટ્રક ચાલકની પ્રાથમિક પૂછતાછમાં મોરબીના મુસ્તાક નામના શખ્સનું નામ ખુલવા પામ્યું હતું.




પ્રાપ્ત વિગતો અનુસાર મોરબી એલસીબી તથા પેરોલ ફર્લો સ્કવોડ પોલીસ સ્ટાફ હળવદ ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળેલ કે અમદાવાદ તરફથી આવતા ટ્રક ટ્રેઈલરમાં માટીની બોરીઓની આડમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવી મોરબી લઇ જવામાં આવનાર છે. જે મુજબની બાતમીને આધારે હલવાદની મોરબી ચોકડી નજીક ભારત પેટ્રોલ પંપ પાસે વોચમાં હોય તે દરમિયાન ટ્રક ટ્રેઈલર રજી. નં. આરજે-૨૭-જીબી-૨૫૩૯ ત્યાંથી પસાર થતા તેને રોકી તલાશી લેતા ટ્રક ટ્રેઈલરમાં માટીની બોરીઓ નીચે આવેલ ચોરખાના જેવું બનાવેલ ખાનામાંથી વિદેશી દારૂની મોંઘીદાટ જહોનીવોકર તથા સિગ્નેચર બ્રાન્ડની કુલ ૭૨ બોટલ કિ. રૂ. ૧.૦૬ લાખ તેમજ કિંગફિશર બીયરના ૭૨ ટીન કિ. રૂ.૭,૨૦૦/-એમ કુલ મળી રૂ.૧,૧૩,૨૦૦/- નો જથ્થો મળી આવતા આરોપી ટ્રક ટ્રેઈલરના ચાલક તખતસિંગ શંભુસિંગ ચુડાવત ઉવ.૪૭ રહે.માદરી દેવસ્થાન પોસ્ટ રાજસ્થાન વાળાની સ્થળ ઉપરથી ધરપકડ કરવામાં આવી છે. પોલીસે વિદેશી દારૂ-બીયરનો જથ્થો, મોબાઇલ તથા ટ્રક ટ્રેઈલર મળી કુલ ૬,૧૮,૨૮૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસના દરોડામાં પકડાયેલ ટ્રક ચાલક આરોપીની પ્રાથમિક પૂછતાછમાં વિદેશી દારૂ-બીયર નો જથ્થો રાજસ્થાનની કોઈ દારૂની દુકાનેથી ખરીદ કરી મોરબીના મુસ્તાક નામના શખ્સને પહોંચાડવાનો હોવાની કબૂલાત આપતા પોલીસે બંને આરોપીઓ સામે હળવદ પોલીસ મથકમાં પ્રોહી.હેઠળ ગુનો નોંધાવી ફરાર આરોપીને ઝડપી લેવા ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર જિલ્લાના પ્રભારીમંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના પ્રભારીમંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને જામનગર જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ડીઝાસ્ટરશાખા, આરોગ્ય વિભાગ, આયોજન વિભાગ, પી.જી.વી.સી.એલ., માર્ગ અને મકાન વિભાગ, સિંચાઇ વિભાગ સહિતના વિભાગોની કામગીરી અંગે તેમજ તેને લગત આવેલા પ્રશ્નો અને રજૂઆતો સદર્ભે મંત્રીએ ચર્ચા કરી લોકોને તમામ પ્રકારની સુવિધાઓ મળી રહે અને હકારત્મક દિશામાં કામગીરી થાય તે પ્રકારે અધિકારીઓને સૂચનો કર્યા હતા. ઉલ્લેખનીય છે કે જામનગર જિલ્લામાં જમીન માપણી અંગેના પ્રશ્નો અને રજૂઆતો સામે સર્વેયરોની ઘટ જણાતા સરકાર દ્વારા જિલ્લામાં જમીન માપણી માટે ૧૫ સર્વેયરની ફાળવણી કરવામાં આવી છે. ડીઝાસ્ટર શાખા દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ જામનગર જિલ્લામાં ચાલુ વર્ષે સરેરાશ ૨૩.૮૫% વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ જામજોધપુરમાં વરસાદ નોંધાયો છે. જામનગર જિલ્લાના ૯ ડેમોમાં ૫૦% ઉપર, તથા ૪ ડેમોમાં ૭૦%થી ઉપર સ્ટોરેજ છે. જિલ્લામાં વરસાદના કારણે ૩૨૨ ફિડરો બંધ થયા હતા જે તમામ






પુનઃ સ્થાપિત કરવામાં આવ્યા છે. હાલ જામનગર શહેર ખાતે એસ.ડી.આર.એફ.ની એક ટીમ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. વરસાદના કારણે જામજોધપુરમાં ૨૭ ઘેટાં બકરાઓના મૃત્યુ થયા હતા જેની સહાય ચૂકવી દેવામાં આવી છે. તેમજ જે રસ્તાઓમાં ધોવાણ થયું છે ત્યાં પેચવર્કની કામગીરી કરવા મંત્રીએ લગત અધિકારીઓને સૂચન કર્યું હતું.જામનગર જિલ્લામાં કોલેરાના કુલ ૯ કેસો નોંધાયા હતા. જેમાંથી ૭ જામનગર શહેરના અને બે અન્ય જિલ્લાના કેસો પૈકી જામનગર જિલ્લામાં સારવાર હેઠળ અન્ય જિલ્લાના કોલેરાગ્રસ્ત એક દર્દીનુ મૃત્યુ થયું છે. તેમજ એક દર્દી સારવાર હેઠળ છે જેની તબિયત સારી છે. અને ૭ દર્દીઓ સ્વસ્થ થઈ ચૂક્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા ડોર ટુ ડોર સર્વે કરી લોકોને પાણીજન્ય રોગો વિષે માહિતગાર કરવા તેમજ પત્રિકાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આરોગ્ય વિભાગ દ્વારા જામનગર જિલ્લાના આરોગ્ય કેન્દ્રોની આજુબાજુમાં વૃક્ષારોપણ કરવા મંત્રીએ જણાવ્યું હતું.ત્યારબાદ મંત્રીએ વિકેન્દ્રિત જિલ્લા કાર્યક્રમ હેઠળના વિકાસકામો અંગે આયોજન અધીકારીશ્રી પાસેથી માહિતી મેળવી સમગ્ર જિલ્લામાં વિકાસકાર્યો હાથ ધરવામાં આવે તે માટે સૂચનો કર્યા હતા. મંત્રીને નાગરિકો તરફથી આવેલ રજૂઆતો અને પ્રશ્નો અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી જે પ્રશ્નોમાં વનવિભાગ દ્વારા ધૂંવાવ નદીની પાછળની બાજુએ સફાઇ કરવી, ધ્રોલ શહેરની સોસાયટીઓમાં વરસાદી પાણીના પ્રશ્નો, ભારે વરસાદના પરિણામે લાલપુર તાલુકાના રસ્તાઓ ધોવાણના લીધે ખરાબ થઈ જતાં રિપેરિંગની કામગીરી, સમાણા-મેમાણા ફિડર અલગ કરવું, પી.જી.વી.સી.એલ.ને લગત પ્રશ્નો, પીપરના પાટિયા પાસે પ્લોટ ફાળવણી અંગેની રજૂઆત અંગે ચર્ચા વિચારણા કરી લોકોની રજૂઆતોનું સુખદ સમાધાન લાવવા માટે મંત્રીએ વિવિધ વિભાગના અધિકારીઓને માર્ગદર્શન આપી કામગીરી ઝડપથી પૂર્ણ કરવા જણાવ્યું હતું.આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલું, અધિક નિવાસી કલેક્ટર બી.એન. ખેર, નાયબ વન સંરક્ષક આર.ધનપાલ સહિત વિવિધ વિભાગના પદાધિકારીઓ અને અધિકારીઓ હાજર રહ્યા હતા.

# મોરબીના રફાળેશ્વર ગામ નજીક જાહેરમાં તીનપત્તિનો જુગાર રમતા ૮ શખ્સો ઝબ્બે

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકા પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન રફાળેશ્વર ગામ નજીક ખોડિયાર સીરામીક સામે સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં ગંજીપત્તાના પત્તા વડે તીનપત્તિનો જુગાર રમી રહેલા (૧) વિનોદભાઇ પ્રવિણભાઇ ગોસ્વામી ઉવ.૩૪ રહે-રફાળેશ્વર, સોહનલાલ રાજારામભાઇ અહિરવાલ ઉવ.૩૮ રહે-શાપર વેપાર શાંતીધામ મફતીયુપરૂ તા.જી.રાજકોટ મુળ રહે-લોધીપુરા(યુ.પી.), શિવાજીભાઇ તિરૂપતીભાઇ પાત્રા ઉવ.૨૭ રહે-ઓરસન કારખાનની મજુરોની ઓરડીમાં શાપર વેરાવળ મૂલ રહે- શાંતીકોલોની(ઓરીસ્સા), જીતેનભાઇ શત્રુઘન લોધી ઉવ.૨૬ રહે- દ્રારકેશ પેકેજીંગની મજુરોની ઓરડીમાં રફાળેશ્વર મુળ રહે- જીતક્રિક(યુ.પી.), બબલુ બ્રિન્દ્રાવન લોધી ઉવ.૩૬ રહે-દ્રારકેશ પેકેજીંગની મજુરોની ઓરડીમાં રફાળેશ્વર મુળ રહે.ઉમરજીયા(યુ.પી.), દરોગાભાઇ રામદીનભાઇ ગૌત્તમ ઉવ.૩૦ રહે-વાવડી,મીરા કારખાનાનુ મજુરોની ઓરડીમાં રાજકોટ મુળ રહે-કન્હારી(યુ.પી.), અખીલેશભાઇ ઉર્ફે કરણભાઇ પ્રતાપભાઇ પાસવાન ઉવ.૩૦ રહે-દ્રારકેશ પેકેજીંગની મજુરોની ઓરડીમાં રફાળેશ્વર મુળ રહે-હિડીંગ થાના(યુ.પી.), પિયુષભાઇ પ્રહલાદભાઇ ગુજારીયા ઉવ.૩૭ રહે-વ્રજવાટીકા સોસાયટી,પરપફેકટ હોટલની પાછળ શાપર વેરાવળની સ્થળ ઉપરથી ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૬૫,૫૦૦/-કબ્જે લાઇ તમામ આરોપીઓ સામે જુગરધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં ૫૮ હજારના ઈલે. વાયર તથા નળ ચોરી જનાર ત્રિપુટી પકડાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના પવનચકકી નજીક એમ.જે. પાર્ક વિસ્તારમાં નવા બાંધકામ સ્થળ પરથી કોઇ તસ્કરો ઇલેક્ટ્રીક વાયરના બંડલો અને સ્ટીલ-પીતળના નળ સહિત રૂા.૫૮ હજારનો મુદામાલ ચોરી કરી લઇ ગયાનો બનાવ સામે આવ્યો હતો.જે ચોરીનો સીટી એ પોલીસે ભેદ ઉકેલી નાખતા આ ચોરાઉ મુદામાલ સાથે ત્રણ શખસોને પકડી પાડી રીક્ષા સહિત રૂા.૧.૫૮ લાખની માલમતા કબ્જે કરી હતી. પોલીસસુત્રોમાંથી મળતી વિગત અનુસાર શહેરના પવનચકકી નજીક એમ.જે. પાર્ક વિસ્તારમાં ચાલતા ટેનામેન્ટના બાંધકામના પાર્કીગમાંથી કોઇ તસ્કરો રાત્રી દરમિયાન રૂા.૫૨ હજારની કિંમતના ઇલેક્ટ્રીક વાયરના ૧૩ બંડલ ઉપરાંત સ્ટીલ-પીતળના નળ ભરેલુ બાચકુ સહિત રૂા.૫૮ હજારની માલમતા



ચોરી કરી લઇ ગયાની ફરીયાદ નોંધાઇ હતી. જે દરમિયાન સીટી એ પોલીસની ટીમ પેટ્રોલિંગ કરી રહી તી જે વેળા પોલીસ ટુકડીને ખંભાળિયા નાકા નજીક પ્રણામી મંદિરવાળી શેરી પાસે ત્રણ શખસો ચોરાઉ શંકાસ્પદ ઇલેક્ટ્રીક વાયર વેંચવા માટે આંટા ફેરા કરી રહી હોવાની બાતમી મળી હતી.જે બાતમીના આધારે પોલીસે ધસી જઇ હશન સીદીભાઇ ખફી, હુશેન ઉર્ફે હુશનો ચોર અલીભાઇ જોખીયા અને આબીદ ઉર્ફે આબલો રસીદભાઇ ચંગડાને સકંજામાં લીધા હતા.પોલીસને તેના કબજામાંથી જુદા જુદા ઇલેક્ટ્રીક વાયરના તેર બંડલ ઉપરાંત નવળ સહિત રૂા.૫૮ હજારનો મુદામાલ મળી આવ્યો હતો.આથી પોલીસે આ તમામ ચોરાઉ મુદામાલ ઉપરાંત ચોરીમાં ઉપયોગ લીધેલી ઓટો રીક્ષા સહિત રૂા.૧.૫૮ લાખનો મુદામાલ કબજે કર્યો હતો. પોલીસે ત્રણેયની અટકાયત કરી પુછપરછ સાથે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર પાસે બાઈક આડે ભૂંડ ઉતરતા અકસ્માત, ચાલકનું મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની ભાગોળે ખારાબેરાજાથી ઢિંચડા જતા માર્ગ પર બાઇક પર પસાર થતા એક યુવાન આડે અચાનક ભૂંડ ઉતરતા અકસ્માત સર્જાયો હતો જેમાં કાબુ ગુમાવતા બાઇક વિજ થાંભલા સાથે અથડાતા યુવકનુ માથુ અફળાવાથી ગંભીર ઇજા થવાથી મૃત્યુ નિપજયુ હોવાનુ જાહેર થયુ છે. પોલીસસુત્રોમાંથી મળતી વિગત અનુસાર શહેરના વાયુનગર વિસ્તારમાં રહેતા ધારાભાઇ ધાનાભાઇ મસુરા (ઉ.વ. ૩૦) નામનો વેપારી યુવાન ગત તા.૫ના મોડીસાંજના સુમારે ખારા બેરાજા ગામે પોતાની વાડીએથી બાઇક પર ઘર તરફ જવા માટે નિકળ્યા હતા.જે વેળાએ ખારા બેરાજાથી ઢિંચડા જતા માર્ગ પર પસાર થતા આ બાઇક આડે અચાનક ભૂંડ ઉતરતા ચાલકે કાબુ ગુમાવતા બાઇક રસ્તાની બાજુમાં આવેલા ઇલેકટ્રીકના સિમેન્ટના પોલ સાથે અથડાયુ હતુ.જે અકસ્માતમાં ચાલક યુવાનનુ માથુ અફળાવાથી ગ઼ભીર ઇજા થવાથી તેનુ મૃત્યુ નિપજયુ હતુ. આ બનાવની આસયારભાઇ એલયાભાઇ મસુરાએ જાણ કરતા બેડી મરીન પોલીસની ટીમ તુરંત દોડી ગઇ હતી.પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોષ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોરબીમાં અષાઢી બીજની ધામધૂમ પૂર્વક ઉજવણી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું મહત્વ હોય છે અને રાજ્યમાં ૫૦૦ જેટલી નાની મોટી રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. પણ મોરબીમાં રથયાત્રા નીકળે છે. તે ભગવાન જગન્નાથજીની નહીં પણ મચ્છુ માતાજીની પરંપરાગત રથયાત્રા નીકળે છે. દર વર્ષે પરંપરાગત રીતે મચ્છુ માતાજીના પ્રાગટ્ય દિન નિમિતે મોરબીમાં મચ્છુ માતાજીની રથયાત્રા યોજાય છે.જેમાં હજારો ભક્તો ઉમટી પડે છે.





અષાઢી બીજ નિમિત્તે મોરબીમાં મચ્છુ માતાજીની રથયાત્રા યોજાઈ હતી. દર વર્ષે પરંપરાગત રીતે મચ્છુ માતાજીના પ્રાગટ્ય દિન નિમિતે મોરબીમાં મચ્છુ માતાજીની રથયાત્રા યોજાય છે. આજના દિવસે ગુજરાત ભરમાંથી રબારી,ભરવાડ સહિત માલધારી સમાજના હજારો લોકો આ રથયાત્રામાં ઉમટી પડે છે. રથયાત્રામાં પરંપરાગત હુડો રાસ ની રમઝટ બોલી હતી તેમજ સેવાભાવી દ્વારા ઠેર ઠેર ઠંડા પીણાં ના સ્ટોલ ઉભા કરાયા હતા.

મોરબી મુસ્લિમ સમાજ ના ધર્મગુરુ દ્વારા પણ રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતુ. આ તકે મોરબી જિલ્લા પોલીસ નો ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો હતો અને જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠી પણ રથયાત્રા દરમિયાન નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા.

# મોરબી સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા વૃદ્ધાવસ્થા દરમિયાન થતા રોગ વિશે પ્રશ્નોતરી સાથે વ્યાખ્યાનનો કાર્યક્રમ સંપન્ન

## રાજકોટ ગેમઝોન, હાથરસ તથા લુણવાના દુર્ઘટનાના સદગતોને શ્રદ્ધાંજલિ અપાઈ








**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી સિનિયર સીટીઝન કાઉન્સિલ દ્વારા તા. ૦૭ જુલાઈ રવિવારના રોજ ધન્વંતરિ ભવન કાયાજી પ્લોટ મોરબી ખાતે સિનિયર સીટીઝન કાઉન્સિલના પ્રમુખ ડૉ. લહેરુ સાહેબના અધ્યક્ષ સ્થાને વૃધ્ધાવસ્થા દરમિયાન થતા રોગો વિશે નિષ્ણાંતો દ્વારા પ્રશ્નોતરી તથા વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે અગાઉ રાજકોટ ગેમઝોન, હાથરસ તથા લુણાવાણાની કરૂણાંતિકામાં મૃત્યુ પામેલા જીવાત્માને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્ય કાંતિભાઈ અમૃતીયાએ પોતાની વિશેષ હાજરી આપી હતી.

મોરબી સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વૃદ્ધાવસ્થા દરમિયાન થતા રોગો વિશેની વિસ્તૃત માહિતી તથા જાણકારી આપવા માટે આ કાર્યક્રમમાં જેરીઆટિંગ સ્પેશિયાલિસ્ટ(વૃદ્ધ રોગ નિષ્ણાંત) ડૉ. પુનિતભાઈ પડસુંબિયા દ્વારા જનરલ વેલડયુગ ઉપર પ્રશ્નોતરી સાથે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં રોગના પ્રકારો, રોગનું કારણ અને તેના નિવારણ વિશે આવશ્યક માહિતીઓ આપી પૂછવામાં આવેલ પ્રશ્નોતરી દ્વારા રોગ અને તેના ઉકેલ વિશે સમાજ આપવામાં આવી હતી.

મોરબી સિનિયર સીટીઝન કાઉન્સિલ દ્વારા આયોજિત કાર્યક્રમના પ્રારંભમાં ઉપસ્થિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નવા આવનાર સદસ્યોની આવકારવિધિ સાથે સન્માન કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન સદગત પામેલા સદસ્યો અને સ્વજનો તેમજ રાજકોટ ગેમઝોન, હાથરસ અને લૂણાવાણાની કરુણ ઘટનામાં સદગત થયેલ જીવાત્માઓને શ્રદ્ધાંજલિ આપવા આવી હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ પોતાની સવિશેષ ઉપસ્થિતિમાં પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમમાં અતિથિ વિશેષમાં ભૂજથી આવેલ પ્રતાપભાઈ જોષી, ડો.એમ.ડી. જાડેજા, વકિલ જગદીશભાઈ ઓઝા, ડો.ભાલોડિયા સાહેબ અને સિનિયર સિટીઝન કાઉન્સિલ - મોરબીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. વ્યાખ્યાન બાદ અગ્રણી ઉદ્યોગપતિ ચુનિભાઈ રાજપરા દ્વારા ભોજનની પણ વ્યવસ્થા રાખવામાં આવી હતી.

આ કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડો ભાવેશ જેતપરિયાએ કરી હતી. ત્યારે કાર્યક્રમને સફળ બનાવવા માટે મહેશભાઈ ભટ્ટ, નરેન્દ્રભાઈ મહેતા, પ્રાણજીવન રાંકજાસાહેબ, પ્રિ. કુંડારિયાસાહેબ, લક્ષ્મણભાઈ દેત્રોજા વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સાર્થક વિદ્યામંદીરને સમગ્ર સૌરાષ્ટ્રમાં પ્રથમ ક્રમે સંસ્કૃત ગૌરવ સન્માન પ્રાપ્ત થયું

## સતત છઠ્ઠા વર્ષે સમગ્ર સૌરાષ્ટ્ર પ્રાંતમાં પ્રથમ ક્રમ મેળવ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

તા.૦૬ જુલાઈ ૨૦૨૪ના રોજ ગુજરાત યુનિવર્સિટી ખાતે સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સંસ્કૃત ભારતી ગુજરાત ના સહયોગથી સંસ્કૃતોત્સવ ૨૦૨૪ યોજાયો હતો.

જેમાં શ્રી ભાગ્યેશ ઝા (અધ્યક્ષ, સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર) , ડો.નીરજા ગુપ્તા (વાઇસ ચાન્સેલર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) ડો. શ્રી સુકાંત કુમાર સેનાપતિ (વાઇસ ચાન્સેલર, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ) વગેરે સંસ્કૃત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



અષાઢ માસના પ્રથમ દિવસે ઉજવાતા આ કાર્યક્રમમાં દર વર્ષે વિવિધ પ્રકારના સંસ્કૃત સન્માનો આપવામાં આવે છે . જેમાં સંસ્કૃત ગૌરવ પરીક્ષા દ્વારા બાળકોને સંસ્કૃત ભાષા માટે જાગૃત કરવા અને શીખવા પ્રોત્સાહિત કરવામાં સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છ પ્રાંતમાં સાર્થક વિદ્યામંદિરે વર્ષ ૨૦૨૩ માટે પ્રથમ ક્રમનું સન્માન મેળવેલ છે.

સાર્થક વિદ્યામંદીર તરફથી આ સન્માન સ્વીકારવા શાળા સહ સંચાલક પ્રમોદસિંહ રાણા , ટ્રસ્ટી પ્રવીણભાઈ રાજાણી તેમજ શાળાના પ્રાથમિક વિભાગના પ્રિન્સિપાલ અને ગૌરવ પરીક્ષા સંયોજક વિવેકભાઈ શુકલ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના સંચાલક કિશોરભાઈએ પોતાની યાદીમાં જણાવ્યું હતું કે શાળા પરિવાર માટે ગૌરવની ક્ષણ છે.

# મોરબીના રફાળેશ્વર ગામ નજીક જાહેરમાં તીનપત્તિનો જુગાર રમતા ૮ શખ્સો ઝબ્બે

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકા પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન રફાળેશ્વર ગામ નજીક ખોડિયાર સીરામીક સામે સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં ગંજીપત્તાના પત્તા વડે તીનપત્તિનો જુગાર રમી રહેલા (૧) વિનોદભાઇ પ્રવિણભાઇ ગોસ્વામી ઉવ.૩૪ રહે-રફાળેશ્વર, સોહનલાલ રાજારામભાઇ અહિરવાલ ઉવ.૩૮ રહે-શાપર વેપાર શાંતીધામ મફતીયુપરૂ તા.જી.રાજકોટ મુળ રહે-લોધીપુરા(યુ.પી.), શિવાજીભાઇ તિરૂપતીભાઇ પાત્રા ઉવ.૨૭ રહે-ઓરસન કારખાનની મજુરોની ઓરડીમાં શાપર વેરાવળ મૂલ રહે- શાંતીકોલોની(ઓરીસ્સા), જીતેનભાઇ શત્રુઘન લોધી ઉવ.૨૬ રહે- દ્રારકેશ પેકેજીંગની મજુરોની ઓરડીમાં રફાળેશ્વર મુળ રહે- જીતક્રિક(યુ.પી.), બબલુ બ્રિન્દ્રાવન લોધી ઉવ.૩૬ રહે-દ્રારકેશ પેકેજીંગની મજુરોની ઓરડીમાં રફાળેશ્વર મુળ રહે.ઉમરજીયા(યુ.પી.), દરોગાભાઇ રામદીનભાઇ ગૌત્તમ ઉવ.૩૦ રહે-વાવડી,મીરા કારખાનાનુ મજુરોની ઓરડીમાં રાજકોટ મુળ રહે-કન્હારી(યુ.પી.), અખીલેશભાઇ ઉર્ફે કરણભાઇ પ્રતાપભાઇ પાસવાન ઉવ.૩૦ રહે-દ્રારકેશ પેકેજીંગની મજુરોની ઓરડીમાં રફાળેશ્વર મુળ રહે-હિડીંગ થાના(યુ.પી.), પિયુષભાઇ પ્રહલાદભાઇ ગુજારીયા ઉવ.૩૭ રહે-વ્રજવાટીકા સોસાયટી,પરપફેકટ હોટલની પાછળ શાપર વેરાવળની સ્થળ ઉપરથી ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૬૫,૫૦૦/-કબ્જે લાઇ તમામ આરોપીઓ સામે જુગરધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# અષાઢી બીજ નિમિત્તે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે નગરચર્યાએ નીકળ્યા

## રાજકોટમાં કૈલાસધામ આશ્રમ, સ્વામિનારાયણ ગુરુકુળ અને ઈસ્કોન દ્વારા રથયાત્રાનું આયોજન કરાયું









(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટમાં રવિવારે અષાઢી બીજે કૈલાસધામ આશ્રમ, સ્વામિનારાયણ ગુરુકુળ અને ઈસ્કોન દ્વારા રથયાત્રાનું આયોજન કરાયું હતું. જેમાં સ્વચ્છતા જોવા મળી હતી અને પર્યાવરણનું જતન કરાયું હતું અને સેવાની સુવાસ ફેલાઈ હતી. કૈલાસધામ આશ્રમ દ્વારા આયોજિત રથયાત્રા ૨૧ કિમીની હતી. આ રથયાત્રા દરમિયાન રથ અને ફ્લોટ્સ સાથેના વાહનો પસાર થયા બાદ તરત જ સ્વયંસેવકોએ રોડ–રસ્તાની સાફ–સફાઈ કરી હતી. આથી આખા રસ્તે સ્વચ્છતા જોવા મળી હતી. જ્યારે સ્વામિનારાયણ ગુરુકુળ આયોજિત રથયાત્રામાં અંદાજિત ૩૦થી વધુ ટૂ વ્હિલર, ફોર વ્હિલર અને ટ્રેક્ટર જોડાયા હતા. જે તમામ ઈલેક્ટ્રિક હતા. આ ઉપરાંત ઈસ્કોન દ્વારા આયોજિત રથયાત્રામાં ઠેર–ઠેર સેવા કરતા યુવાનો જોવા મળ્યા હતા. કૈલાસધામ આયોજિત રથયાત્રા સવારે ૮.૦૦ કલાકે શરૂ થઈ હતી અને નગરચર્યા કરીને ભગવાન જગન્નાથજી,બલભદ્ર અને બહેન સુભદ્રાજી રાત્રે ૮.૦૦ કલાકે નિજ મંદિરે પરત ફર્યા હતા.નિજ મંદિરે પરત ફર્યા બાદ મહાઆરતી અને મહાપ્રસાદનું આયોજન કરાયું હતું.જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા.

# લફરાબાજ પતિના ત્રાસથી કંટાળી મહિલાએ એસિડ પીધુઃ ત્રાસ આપવાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા મેઈન રોડ ઉપર રહેતી પરિણીતાએ પતિના અનૈતિક સંબંધીથી કંટાળી એસિડ પી લીધું હતું. અને બાદમાં પતિ શારીરિક માનસિકતા ત્રાસ આપતો હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની માહિતી મુજબ આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં કોઠારીયા મેઇન રોડ ઉપર રહેતી હંસાબેન પરબતભાઈ ડાંગર નામની ૩૯ વર્ષની પરિણીતાએ પોતાના પતિ પરબતભાઈ માણસુરભાઈ ડાંગર વિરુદ્ધ શારીરિક માનસિક ત્રાસ આપ્યાની ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. હંસાબેન ડાંગરે ફરિયાદમાં જણાવ્યું હતું કે પતિ પરબતભાઈ ડાંગરને પરસ્ત્રી સાથે આડા સંબંધ હોવાથી તે અવાર નવાર શારીરિક માનસિક રીતે ત્રાસ આપે છે. જેનાથી કંટાળી બે દિવસ પૂર્વે હંસાબેન ડાંગરે એસિડ પી લીધું હતું.

એસિડ પી લેનાર હંસાબેન ડાંગરને તાત્કાલિક સારવાર મળતા જીવ બચી ગયો હતો અને બાદમાં હંસાબેન ડાંગરે પરસ્ત્રી સાથે આડા સંબંધ ધરાવતા પતિ પરબતભાઈ ડાંગર શારીરિક માનસિક ત્રાસ આપતા હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. આ અંગે ભક્તિનગર પોલીસ મથકના પીએસઆઈ પી.જી. રોહડીયા સહિતના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.

# આશાવર્કર અને ફેશીલેટ બહેનોની લઘુત્તમ માંગણી ન સ્વીકારતા અચોક્કસ મુદતની હડતાલ પર જવાની ચીમકી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના આશાવર્કર અને ફેશીલેટર દ્વારા આજે કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરીને જણાવાયું હતું કે તેઓના પડતર પ્રશ્નનો જો ઉકેલ ન આવે તો તેઓ અચોક્કસ મુદતની હડતાલ પર જશે. આશાવર્કર બહેનોએ જણાવ્યું હતું કે પહેલા સગર્ભા માતાની બે તપાસ માટે રૂ.૪૦૦ મળતા હતા. જે ગત માસથી બંધ કરવામાં આવ્યા છે. પી.એમ.જે.એ.વાય તેમજ આભાકાર્ડ પર ૨૦૨૧થી મહેનતાણું ચૂકવ્યું નથી. આ સિવાય બીજા અનેક મહેનતાણાઓ હજુ સુધી ચૂકવાયા નથી. જો તેઓની માંગણી સ્વીકારાશે નહીં તો તેઓએ અચોક્કસ મુદતની હડતાલ પર જવાની ચીમકી આપી હતી.

# જામનગર તાલુકાના ખંભાલીડા આરોગ્ય કેન્દ્ર ખાતે વિશ્વ વસ્તી દિવસની ઉજવણી અંતર્ગત લઘુશિબિર યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**





જામનગર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ફલ્લા હેઠળ સમાવિષ્ટ ખંભાલીડા આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાતે ગ્રામજનોને કોલેરા અને એનિમિયા રોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેરા એ આંતરડાનો તીવ્ર ચેપી રોગ છે. તેના કારણે ઝાડા, ઉલટી થાય છે અને શરીરમાં પ્રવાહી ઘટી જાય છે. ગંભીર કિસ્સાઓમાં સારવાર ન મળે તો દર્દીને ડિહાઈડ્રેશન થઇ શકે છે અને તેને આઘાત (શોક) થઈ શકે અને મૃત્યુ પણ થઈ શકે છે. તે માટે ઉકાળેલું ગરમ પાણી પીવું જોઈએ. તેમજ વારંવાર હાથ ધોઈને સ્વચ્છ રાખવા અને અન્ય સાવચેતી રાખવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.એનિમિયા આયર્નની ઉણપથી થઈ શકે છે. શરીરમાં લાલ રક્તકણોની સંખ્યામાં ઘટાડો થાય છે. તેના કારણે થાક લાગવો, શ્વાસોચ્છવાસમાં તકલીફ પડવી વગેરે જેવી સમસ્યા થાય છે. આવા સંજોગોમાં પોષણયુક્ત આહાર, લીલા શાકભાજી, કઠોળ, ઘઉં, બાજરી, રાગી વગેરે પોષણયુક્ત આહાર લેવા અંગે માહિતી અપાઈ હતી.

આ ઉપરાંત વિશ્વ વસ્તી દિવસ નિમિતે પ્રચાર પ્રસાર અંતર્ગત કુટુંબ નિયોજન માટે વિવિધ પદ્ધતિ, કાયમી અને બિન કાયમી પદ્ધતિ વિષે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કુટુંબ કલ્યાણ યોજના હેઠળ મળવાપાત્ર લાભ, યોજના વિષે માહિતી અને અન્ય પદ્ધતિ વિષે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું સમગ્ર કાર્યક્રમનું આયોજન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.નુપુર પ્રસાદ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.જીગ્નેશ પટેલ, ડી.એસ.બી.સી.સી. ચિરાગ પરમાર, એમ.પી.ડબલ્યુ. વિશાલભાઈ રાવલ, એફ.એચ.ડબલ્યુ આર.સી.ખાણધર, સી.એચ.ઓ. વર્ષાબેન માટીયા અને ખંભાલીડા ગામના આશા કાર્યકર બેન હિનાબા જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સર્વેને માહિતી આપતી પત્રિકા વિતરણ કરવામાં આવ્યું હતું.

# જામનગરમાં "વર્લ્ડ ઝૂનોસીસ ડે" નિમિત્તે પશુ રસીકરણ કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગરમાં વર્લ્ડ ઝૂનોસીસ ડે મનાવવામાં આવે છે. જેના ઉપક્રમે જિલ્લા પંચાયત, જામનગર, પશુપાલન શાખા હસ્તકની તાલુકા કક્ષાની પશુ સારવાર સંસ્થાઓમાં રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં શ્વાન કુળના પશુઓમાં જોવા મળતા હડકવા (છ્ફબશયત) રોગ વિરુદ્ધ શ્વાનોને ''એન્ટી રેબીઝ રસી'' મુકવામાં આવી હતી.જેમાં જિલ્લાના ૬ તાલુકામાં મળીને કુલ ૫૮ લાભાર્થીઓનાં ૮૯ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. તેમ નાયબ પશુપાલન નિયામક, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરમાં પી.સી.પી.એન.ડી.ટી.એક્ટ અન્વયે જાગૃતિલક્ષી કાર્યક્રમનું આયોજન કરાયું




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના માર્ગદર્શન તળે ઉઇઉઠ દ્વારા પી.સી. પી.એન.ડી.ટી. એક્ટ-૧૯૯૪ અન્વયે ગવર્નમેન્ટ કોલેજ ઓફ નર્સિંગમાં જાગૃતિલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષશ્રી અને ડીસ્ટ્રીકટ પ્રોગ્રામ આસિસ્ટન્ટ ડ્ઈ ડ્ગઉઝ એક્ટ હિતેશભાઈ બોરીચાએ ઉપસ્થિત સર્વેને સરળ ભાષામાં માહિતી આપી હતી.આ એક્ટ અનુસાર ગર્ભમાં રહેલા શિશુનું લિંગ પરીક્ષણ કરવું કે કરાવવું એ કાનૂની અપરાધ છે. આવી પ્રવૃતિને રોકવા માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે અને આવી પ્રવૃતિઓ વિરુદ્ધ કડક સજાની જોગવાઈ રહેલી છે. કાર્યક્રમમાં ગવર્નમેન્ટ કોલેજ ઓફ નર્સિંગ જામનગરના વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા. તેમજ મહિલાલક્ષી વિવિધ યોજનાઓ જેવી કે વહાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન સહાય યોજના, મહિલા સ્વાવલંબન યોજના, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટર, મહિલા પોલીસ સ્ટેશન, ૧૮૧ મહિલા હેલ્પલાઇન, નારી અદાલત વગેરે માહિતી ઉઇઉઠ ના સ્ટાફ ડીસ્ટ્રીકટ કો ઓર્ડીનેટર અલ્પાબેન રાઠોડ અને અસ્મીતાબેન સાદીયાએ આપી હતી. તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરમાં વડાપાઉના વેપારી પાસેથી વ્યાજના બદલામાં ટ્રેકટર અને ચેક પડાવી લેનાર વ્યાજખોર ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં વડાપાઉના વેપારી પાસેથી વ્યાજના બદલામાં ટ્રેકટર અને ચેક પડાવી લેનાર વ્યાજખોર ઝડપાયો જામનગરમાં ભુતનાથ વડાપાઉં નો ધંધો કરતા યુવાને જુદા જુદા સમયે અલગ અલગ ૧૫ લોકો પાસે થી કુલ આશરે ૪૦ લાખ થી વધુની રકમ ઊંચા વ્યાજે લીધી હતી.તે માટે આશરે ૮૧.૪૪ લાખ ની રકમ વ્યાજ સહિત ચૂકવી હોવા છતાં પોતાને ધાક ધમકી આપવા મા આવતાં આખરે તેણે ૧૫ વ્યાજખોરો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી તેમાં ટ્રેક્ટર અને બે કોરા ચેક પડાવી લેવાના કેસમાં પોલીસે એક આરોપી ને ઝડપી




લઈ મુદ્દામાલ કબ્જે કર્યો છે.જામનગર સીટી બી પોલીસ સ્ટેશન માં ગુજરાત નાણા ધીરધાર ની કલમ મુજબનો ગુન્હો દાખલ થયો હતો. આ કામે ફરીયાદી ના પિતાજીના માલીકીનુ ટ્રેકટર તથા SBI બેંક ખાતા ના બે કોરા ચેક સહિઓ વાળા આરોપી અતુલ ગઢવી એ બળજબરી થી મેળવી લીધા હતા. આ અંગે પોલીસ દ્વારા તપાસ ચલાવાઈ રહી હતી. જે દરમ્યાન આરોપી અતુલભાઈ મેઘાણંદભાઈ સાખરા (રહે.ગામ રાવલસર, સરમત પાટીયા, ચંદરીયા સ્કુલ પાછળ તા.જી.જામનગર) ને પોલીસે અટકાયતમાં લીધો હતો જેની પાસે રહેલા ફરીયાદીના પિતાજીના SBI બેંક ખાતાના ૨ કોરા ચેક સહિઓ વાળા તથા રૂ.૧.૪૦ લાખ ની કીમત નું ટ્રેક્ટર કબજે કર્યું હતું. પોલીસ સબ ઈન્સ. ડી.જી.રાજ એ આરોપીની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઝૈનાબાદમાં જનરલ બોર્ડ મીટીંગ અને સિપાઈ સમાજનો સ્નેહ મિલન સમારોહ યોજાયો

## સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના છેવાડાના રણકાંઠે આવેલા (પાટડી)ઝૈનાબાદમાં સિપાઈઓ ભેગા થયા

**મુખ્ય સમાચાર, મોહસીનખાન પઠાણ**




સિપાઈ સમાજ ટ્રસ્ટ-ગુજરાત દ્વારા સિપાઈ સમાજનો સ્નેહ મિલન સમારોહ અને સિપાઈ સમાજ ટ્રસ્ટની જનરલ બોર્ડની મીટીંગની શરૂઆત ઝૈનાબાદ જુમ્મા મસ્જિદના પેશ ઈમામ સાહેબ દ્વારા તિલાવતે કુરાનના પઠન થી કરવામાં આવી હતી ત્યાર બાદ ઝૈનાબાદના સ્થાનિક અબ્દુલ હમીદભાઈ કુરેશી દ્વારા આવેલ તમામ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું અને મોડાસાથી આવેલા અઝીઝભાઈ ચૌહાણ એ સિપાઈ સમાજ ટ્રસ્ટનો વાર્ષિક અહેવાલ રજુ કર્યો હતો જ્યારે કુતિયાણાથી આવેલા ફકરૂદ્દીનભાઈ કુરેશીએ વાર્ષિક હિસાબ આપ્યો હતો, રાજકોટથી આવેલા મુશર્રફભાઈ મોગલે ગત વર્ષની જનરલ સભાના એજેન્ડાનું વાંચન કરી અમલમાં મૂકવામાં આવેલ કાર્યો અને અમલ થયા ના હોઈ તેવા કાર્યોના કારણોની વિસ્તૃત ચર્ચા કરી હતી. અને પોરબંદરથી આવેલા ડો. અવેશ ચૌહાણે સિપાઈ સમાજ ટ્રસ્ટના ઉદભવના કારણો અને ટ્રસ્ટનો પરિચય આપ્યો હતો, બાદ માં આવેલ મહેમાનો તરફથી કરવાના આવેલ પ્રશ્નોતરીના સેશનમાં અલગ અલગ ગામોથી આવેલા મહેમાનો દ્વારા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા જેના નિષ્ણાતો દ્વારા જવાબ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ચોટીલાથી આવેલા મોહસીનખાન પઠાણ દ્વારા સિપાઈ સમાજ ટ્રસ્ટમાં વર્ષોથી કારોબારીનો હોદ્દો સંભાળતા અને નિષ્ક્રિય રહેતા કારોબારી સભ્યોને કારોબારી સમિતીમાંથી દૂર કરવાનો ગંભીર પ્રશ્ન ઉઠાવ્યો હતો. જેને તમામ તમામ જનરલ સભાના સભ્યોએ એકીસૂરે વધાવી લીધો હતો. અને બહુમતિ આવાં કારોબારી સભ્યો ને કારોબારી સમિતીમાંથી દૂર કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ ના અંતે ઝૈનાબાદના લતીફભાઈ કુરેશી દ્વારા આભાર વિધિ સાથે કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો એ ત્યારબાદ સર્વ સભાસદ તથા મહેમાનો ન્યાઝ લઈ છુટા પડ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# શહેર પોલીસને પડકાર ફેંકતા લુખ્ખાઓઃ વધુ એક યુવાન પર જાહેરમાં છરી વડે હુમલો

## ઈગલ પેટ્રોલ પંપ પર ફીલરમેન પાસે પૈસા માંગી લુખ્ખા શખ્સે છરીના આડેધડ ઘા ઝીંકી દેતા સારવારમાં ખસેડાયો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોય તેમ સશસ્ત્ર મારામારીની ઘટના સતત વધી રહી છે. શનિવારે રાત્રે ઈગલ પેટ્રોલ પંપે ધસી ગયેલા એક ઇસમે પેટ્રોલ પંપના કર્મચારી પાસે પૈસા માગી તેને છરીના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. ઘટનાથી સોપો પડી ગયો હતો અને પેટ્રોલ પંપ બંધ કરી દેવાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકને હોસ્પિટલમાં ખસેડાયો હતો.

આ અંગેની માહિતી મુજબ સદર બજારની ધોબી શેરીમાં રહેતા અને ભીલવાસ નજીક આવેલા ઇગલ પેટ્રોલ પંપમાં ફિલરમેન તરીકે નોકરી કરતાં નિલદીપસિંહ તિલકસિંહ ચૌહાણ (ઉ.વ.૩૦) શનિવારે રાત્રે પેટ્રોલ પંપ પર નોકરી પર હતા ત્યારે એક ઇસમ ત્યાં ધસી આવ્યો હતો અને નિલદીપસિંહ પાસે પૈસાની માંગ કરી હતી. પેટ્રોલ પંપના કર્મચારી નિલદીપસિંહે પૈસા આપવાનો ઇનકાર કરતાં તે ઇસમ ઉશ્કેરાયો હતો અને ફિલરમેન ચૌહાણને ગાળો ભાંડી પોતાની પાસે રહેલી છરી કાઢી ફિલરમેન ચૌહાણ પર છરીથી તૂટી પડયો હતો. ઝનૂની બનેલા ઇસમે નિલદીપસિંહ ચૌહાણને હાથ અને પડખાના ભાગે છરીના અનેક ઘા ઝીંકી દીધા હતા. ફિલરમેન પર હિચકારો હુમલો થતાં અન્ય કર્મચારીઓ પણ ફફડી ગયા હતા. હુમલો કરી હુમલાખોર નાસી ગયો હતો. નિલદીપસિંહ ચૌહાણને છરીના ઘા ઝીંકાતા તે લોહિયાળ હાલતમાં ઢળી પડ્યા હતા. જોકે હાલતમા તેના સાથી કર્મચારીઓ પણ ડરી ગયા હોય તેઓ તેને હોસ્પિટલે લઇ જવાની હિંમત કરી શક્યા નહોતા, થોડીવાર બાદ મયૂરસિંહ નામનો યુવક તેના મિત્રો સાથે કારમાં પેટ્રોલ પુરાવા આવ્યો ત્યારે પેટ્રોલ પંપ બંધ કરી દેવાયો હતો, તેની નજર ઇજાગ્રસ્ત નિલદીપસિંહ પર પડતાં તેમણે તેમની કારમાં યુવકને બેસાડી હોસ્પિટલે ખસેડયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ દોડી ગઈ હતી. હુમલાખોર સામે ઈજાગ્રસ્ત યુવાને પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી હતી ફરિયાદના આધારે પોલીસે કાનુની તપાસનો દોર લંબાવ્યો છે.

# ગુરૂપ્રસાદ ચોકમાં વેપારીઓને ધાક ધમકી આપી જાહેરમાં લુખ્ખાગીરી કરનાર બે ઝડપાયા

## વેપારીઓને છરી બતાવી મારમાર્યાના વિડીયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં પોલીસ સફાળી જાગી



**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના માલવિયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા સ્વામિનારાયણ ચોક, કૃષ્ણનગર મેઈન રોડ અને ગુરૂપ્રસાદ ચોકમાં દુકાનદારોને છરી બતાવી ધાકધમકી આપી સરાજાહેર મારામારી કરી લુખ્ખાગીરી કરનાર બે નામચીન શખ્સોને પોલીસે દબોચી લઈ કાયદાનું ભાન કરાવ્યું હતું.

ગત સપ્તાહએ સ્વામીનારાયણ ચોક તથા કૃષ્ણનગર મેઈન રોડ અને ગુરૂપ્રસાદ ચોકમાં મોબાઈની દુકાન અને પાનના ગલ્લે બે વેપારીઓને છરી બતાવી ધમકી આપી જાહેરમાં મારમાર્યાની ઘટના પ્રકાશમાં આવતા અને આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં ચકચાર મચી ગયા બાદ જાહેરમાં લુખ્ખાગીરી કરનાર શખ્સોને પકડવા માટે માલવિયાનગર પોલીસ સફારી જાગી કાર્યવાહી હાથ ધરી હતી. પીએસઆઈ ડી.એસ.ગજેરા હેડ કોન્સ્ટેબલ અજયભાઈ, દિનેષભાઈ, ભાવેશભાઈ, જયદિપસિંહ સહિતના સ્ટાફે વેપારીઓને ધાકધમકી આપી લુખ્ખાગીરી કરનાર મીત સુધીર રાજયગુરૂ (રહે.નવલનગર વાછરાદાદાના મંદિર વારી શેરી મવડી મેઈન રોડ) તથા રાહુલ પ્રભાત સબાડ (રહે.શ્રી નાથજી સોસાયટી મવડી મેઈન રોડ) નામના બંને લુખ્ખાઓને દબોચી લઈ કાયદાનું ભાન કરાવ્યું હતું. પોલીસે આ બંને શખ્સોનો ગુનાહિત ઈતિહાસ ચેક કરતા મીત રાજયગુરુ પર માલવિયાનગર પોલીસમાં ૧૯ ગુના દાખલ થયા છે. જયારે રાહુલ સબાર વિરુધ્ધ ડીસીબી, યુનિવર્સિટી અને માલવિયા પોલીસમાં ૧૫ ગુના દાખલ થયા છે.

# ઘેર બેઠા વધુ નાણાં કમાવવાની લ્હાયમાં યુવાને ૧૯ હજાર ગુમાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાયબર ફ્રોડ કરતાં ભેજાબાજો લોકોને લોભામણી લાલચો આપી શિકાર બનાવે છે. ત્યારે રાજકોટમાં વધુ એક સાયબર ફ્રોડનો બનાવ સામે આવ્યો છે. ઘર બેઠા કામ કરોની જાહેરાત જોતાં એક યુવકે તેમાં સંપર્ક કર્યો હતો. અને સાયબર ગઠિયાએ યુવકને બોક્ષમાં પેન્સિલ ભરવાનું કામ અપાવવાનું કહી એન.ઓ.સી કાઢવાના નામે માત્ર બે કલાકમાં ૧૯ હજાર પડાવી લેતા યુવકે સાયબર પોલીસનો સંપર્ક કર્યો છે.

માહિતી મુજબ ગોંડલ ચોકડી પાસે રહેતો અને કોલેજમાં અભ્યાસ કરતાં યુવકે ન્યૂઝ પેપરમાં ઘર બેઠા કામ કરોની જાહેરાત જોતાં તેમાં ફોન કર્યો હતો. અને સામે વાત કરતાં ગઠિયાએ પોતે યુવકને ઘરે બોક્ષમાં પેન્સિલ ભરવાનું કામ આપશે તેવું જણાવ્યું હતું.

જેથી સાયબર ગઠિયાએ યુવક પાસે પ્રથમ રૂ.૨૦૦૦ કામ શરૂ કરવા માટે લગતા ચાર્જના નનામે પડાવયા હતા. અને આ કામ ગવર્મેન્ટનું હોવાથી કામની એનઓસી લેવી જોશે તેવું કહી ફરી યુવક પાસે ૨ હજાર પડાવ્યા હતા.આમ યુવક પાસે બે કલાકમાં સાયબર ગઠિયાએ રૂ.૧૯ હજાર પડાવ્યા હતા. જેથી યુવકને પોતાની સાથે સાયબર ફ્રોડ થયાનું માલૂમ પડતાં તેને સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધવા તજવીજ કરી છે.

# રાજકોટ જિલ્લા પંચાયત કચેરીના નવુ બિલ્ડીંગ બનાવવા માટેનું કામ ટુંક સમયમાં હાથ ધરાશે

## હાલની જિલ્લા પંચાયત કચેરી જુની કોર્ટમાં સ્થળાંતર કરાશેઃ જિલ્લા પંચાયતની કારોબારીમાં ૫૧.૮૫ કરોડના ટેન્ડર અને વિકાસ કામોને મંજૂરી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

આજે રાજકોટ જિલ્લા પંચાયતની કારોબારીની બેઠક મળી હતી. ચેરમેન પી.જી.ક્યાડાના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠકમાં રૂ.૫૧.૮૫ કરોડના નવા વિકાસ કામોને કારોબારીએ મંજૂરી આપી હતી. આજની કારોબારીની બેઠકમાં રાજકોટ જિલ્લા પંચાયત કચેરીના નવા બિલ્ડીંગના બાંધકામ અંગે પણ મંજૂરી મંગાઈ હતી. જેમાં જિલ્લા પંચાયતના નવા બિલ્ડીંગનું કામ તાત્કાલીક હાથ ધરાશે. વધુમાં હાલની કચેરી મોચી બજારમાં આવેલ જુના કોર્ટ બિલ્ડીંગમાં સ્થળાંતર કરાશે. આ અંગે બે દિવસ પહેલા જિલ્લા પંચાયતના બાંધકામ વિભાગ દ્વારા રાજકોટ ડિસ્ટ્રીકટ જજને વિગતવાર પત્ર પાઠવી કોર્ટમાં બેસવા દેવા અનુમતી મંગાઈ છે. જોકે આ બાબત રાજ્ય સરકારના આર.એન.બી.વિભાગ હસ્તક હોય ન્યાયધિશ દ્વારા આ પત્ર કલેક્ટરને મોકલાયો છે. જેની બે દિવસમાં મંજૂરી મળવાની આશા છે.

આજે મળેલી બેઠકમાં જુદા-જુદા ૨૯ કામો માટે રૂ.૫૧.૮૫ કરોડ મંજૂર કરવામાં આવ્યા હતા. જેમાં પંચાયત વિભાગના કામ માટે રૂપિયા ત્રણ લાખ મહેસુર વિભાગ માટે રૂપિયા દોઢ લાખ બાંધકામના પાંચ કામો માટે ૩૯ કરોડ સિંચાઈ માટે રૂ.૧૨.૭૪ કરોડ મંજૂર કરાયા હતા.હાલના જિલ્લા પંચાયતના બિલ્ડીંગના ત્રણ દુકાનો આવેલી છે. જેને ખાલી કરાવવા તંત્ર દ્વારા આખરી નોટીસ આપવામાં આવી છે. જો દુકાનધારકો નિયત સમય મર્યાદામાં આ ભાડાની દુકાન ખાલી નહીં કરે તો ફરજિયાત તંત્ર દ્વારા આંચકી લેવાશે. આજની કારોબારીની બેઠકમાં પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદર, જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણે, નાયબ વિકાસ અધિકારી, કારોબારીના સભ્યો તેમજ વિવિધ શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં UPSCની પરીક્ષામાં ૩૮૬૫ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા રવિવારે એમ્પ્લોયમેન્ટ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન માટે આસિસ્ટન્ટ અને એમ્પ્લોયસ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન માટે નર્સિંગ ઓફિસરની પરીક્ષા લેવામાં આવી હતી. રાજકોટ કેન્દ્રમાં કુલ ૩૮૬૫ ઉમેદવાર નોંધાયા હતા. સવારે ૯.૩૦થી ૧૧.૩૦ દરમિયાન પર્સનલ આસિસ્ટન્ટની પરીક્ષા અને બપોરે ૨.૦૦થી ૪.૦૦ દરમિયાન નર્સિંગ ઓફિસરની પરીક્ષા લેવામાં આવી હતી. પર્સનલ આસિસ્ટન્ટ બનવા માટેની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, UPSCનું પર્સનલ આસિસ્ટન્ટનું પેપર મોડરેટ હતું. ૧૨૦ માર્કસનું પેપર હતું અને ૨ કલાકનો સમય હતો. મેથ્સના પ્રશ્નો ટ્રિકી હતા. ડેટા સફિસ્યન્સીના સવાલોમાં વધુ સમય પસાર થાય તેવું હતું. જનરલ અવેરનેસના પ્રશ્નો હકીકત આધારિત હતા. વિધાન વાક્યોવાળા સવાલો હતા. અંગ્રેજીના પ્રશ્નો પણ મોડરેટ હતા. વિદ્યાર્થીઓને ચુસ્ત ચેકિંગ કર્યા બાદ જ કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

# થોરાળા પોલીસના હોમગાર્ડે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

## સ્લમ કવાર્ટરમાં યુવાને ગળાફાંસો ખાઈ અને યોગીનગરના પ્રૌઢે ઝેરી દવા પી આપઘાત કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામા કાંઠે ૮૦ ફૂટ રોડ પર આવેલા આંબેડકરનગર શેરી નં.૬માં રહેતા અને થોરાળા પોલીસ મથકમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતા કિરીટભાઈ જીવનભાઈ પરમાર (ઉ.વ.૩૨) નામના યુવાને પોતાના ઘરે પંખાના હુકમા દોરી વડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાની જાણ થોરાળા પોલીસને થતા સ્ટાફ દોડી ગયો હતો. મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી કયા કારણોસર પગલુ ભર્યું તે જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

તેમજ જામનગર રોડ પર આવેલા સ્લમ કવાર્ટરમાં રહેતા ચંદ્રકાંત ઠાકરશીભાઈ વડોદરા (ઉ.વ.૩૦) નામના યુવાને ઘરે ગળે ફાંસો ખાઈ લેતાની જાણ પ્રનગર પોલીસને થતા સ્ટાફ દોડી ગયો હતો. પ્રાથમીક તપાસમાં બીમારીથી કંટાળી પગલુ ભર્યુ હોવાનું જાણવા મળ્યુ છે. મૃતક યુવાન બેભાઈ અને બહેનમાં મોટો હતો. યુવાનના મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

તેમજ ન્યુ પરિમલ રોડ પર આવેલા યોગીનગરમાં રહેતા દિલીપસિંહ નાથુજી ચુડાસમા (ઉ.વ.૫૩) નામના આધેડ અટલ સરોવર પાસે હતા ત્યારે કોઈ કારણોસર ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ ગયા હતા બાદમાં ઘરે આવી પત્નીને પેટમાં દુઃખતુ હોવાની વાત કરતા તાત્કાલીક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં ટુંકી સારવાર દરમિયાન આધેડનું મોત નીપજયુ હતું. આ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે નોંધ કરી યુનિ. પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજકોટના યુવાનના આપઘાત કેસમાં PSIની આગોતરા જામીન અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

## વિરમગામના પીએસઆઈ પટેલે દારૂના કેસમાં યુવાનને સંડોવી રૂા.૧૦ લાખ માંગ્યા'તાઃ અગાઉ ગુજરાત હાઈકોર્ટે અરજી રદ કરી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના યુવાને કરેલ આપઘાતના કેસમાં વિરમગામ પીએસઆઈ હિતેન્દ્ર પટેલની આગોતરા જામીન અરજી સુપ્રીમ કોર્ટે પણ ફગાવી દીધી છે. આ પહેલા સેશન્સ કોર્ટ અને હાઈકોર્ટે પણ ફોજદારની આગોતરા અરજી રદ કરી હતી. સુપ્રીમમાં આરોપીને જણાઈ આવ્યું કે, તેની અરજી મંજુર નહીં

થાય જેથી વિથ ડ્રો કરવા જણાવતા સુપ્રીમ કોર્ટ ડિસમિસ એઝ વિથ્ડ્રો કરેલ મૃતક ધ્રાંગધરીયાએ વીડિયો ઉતારી પીએસઆઈનો ત્રાસ હોવાનું જણાવી લોધિકા નજીક ખાંભા ગામે એક મંદિરે ગળાફાંસો ખાઈ લીધો હતો.



આ કેસની વિગત એવી છે કે, મૃતક દિપકભાઈ હરજીવનભાઈ ધ્રાંગધરીયાનાં પત્નીએ તા. ૨૩/૦૨/૨૦૨૪ નાં રોજ રાજકોટ જિલ્લાના લોધિકા પોલીસ સ્ટેશનમાં આઈપીસી ૩૦૬ મુજબ આરોપી વિરમગામ પોલોસ મથકના પીએસઆઈ હિતેન્દ્ર મોહનભાઈ પટેલ સામે ફરિયાદ નોંધાવી હતી કે, તેમના પતિએ આપઘાત કરતા પહેલા રાજકોટ પોલીસ કમિશ્નરને સંબોધીને વીડિયો બનાવેલ. જેમાં આરોપીએ મૃતક પાસેથી દારૂના કેસમાં ફૂ લાખ લઈ ત્યારબાદ અન્ય કોઈકનો દારૂ પકડાયેલ હશે તેમાં પણ ગુજરનારનું ખોટી રીતે નામ છે.

તેમ કહી રૂ. ૧૦ લાખની માંગણી કરતાં હોય જેથી ત્રાસીને આત્મહત્યા કરતો હોવાનું જણાવતો વીડિયો બનાવેલ અને ત્યારબાદ ખાંભા ગામે મોગલ માતાના મંદિર પાસે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આરોપી પીએસઆઈ પટેલ સામે ગુન્હો નોંધાતા તેણે ગોંડલ સેશન્સ કોર્ટમાં અને પછી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરેલી આગોતરા જામીન અરજી રદ થઈ હતી.

આગોતરા જામીન અરજી દાખલ કરેલ હતી અને આરોપીપક્ષ દ્વારા લંબાણપૂર્વક દલીલ કરવામાં આવી સુપ્રિમકોર્ટ આગોતરા જામીન મંજુર નહી કરે તેવુ જણાય આવતા આરોપી પીએસઆઈએ તેની આગોતરા જામીન અરજી વિથ-ડ્રો કરવાનું જણાવતા સુપ્રિમકોર્ટ ધ્વારા આરોપીની જામીન અરજી પડિસમીસ એઝ વિથ-ડ્રોથ નો હુકમ કરેલ હતો.

# અગ્નિકાંડમાં જીવ ગુમાવનાર યુવાનના પિતાએ કન્ઝયુમર કોર્ટમાં રૂા.૨૦ લાખનો દાવો દાખલ કર્યો

## રેસ-વે એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢી સામે વધુ એક કાર્યવાહીઃ કલેકટર, પોલીસ કમિશનર, મ્યુનિસિપલ કમિશનરને પક્ષકાર બનાવાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી ગેમઝોન કાંડના મૃતકો પૈકી એકના પિતાએ કન્ઝુમર કોર્ટમાં દાવો દાખલ કરીને ૨૦ લાખના વળતરની માગણી કરી છે. આ દાવામાં પક્ષકાર તરીકે કલેક્ટર અને પોલીસ કમિશનર, મ્યુનિસિપલ કમિશનરને પણ જોડવામાં આવ્યા છે.

કન્ઝ્યુમર કાયદા હેઠળ રાજકોટ જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ (અધિક) સમક્ષ દાખલ કરવામા આવેલ ફરિયાદની વિગત જોતા, સમગ્ર ગુજરાત અને દેશમા ચર્ચાસ્પદ બનેલ ઝછઙ ત્રઅખઊ ણઘગઊ દુર્ઘટનામા મૃત્યુ પામેલ ૨૭ મૃતકો પૈકી દર્શન એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થી અને વેપારી રસિકભાઈ વેકરીયાના લાડકવાયા નિરવના મૃત્યુ બદલ રેસ-વે એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી, તેના ભાગીદારો, મિલકતના માલિકો વિરુદ્ધ રસિકભાઈ દ્વારા રાજકોટ જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ (અધિક) સમક્ષ ફરિયાદ દાખલ કરવામા આવી છે.

આયોગ દ્વારા તમામ પક્ષકારોને નોટીસ ફટકારવામા આવી છે. આ કામના કરિયાદીએ પોતાના પૂત્ર નિરવ કે જે દર્શન એન્જિનિયરિંગ કોલેજ ખાતે એન્જિનિયરિંગ ના બીજા વર્ષમા અભ્યાસ કરતો હતો તેની ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી ધ્યાને લઈ રેસ-વે એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી તથા તેના ભાગીદારો, મિલ્કત ના માલિકો પાસેથી ૨૦ લાખના વળતરની માંગણી કરી છે.

ફરિયાદીના વકીલ ગજેન્દ્ર જાનીએ કહ્યું હતું કે, પેઢી દ્વારા પોતાના ગ્રાહકો માટે સુરક્ષા વિષયક બાબતો અન્વયે બેદરકારી દાખવવામા આવેલ, અગ્નિશામક સાધનો ઉપલબ્ધ રાખવામા આવેલ નહી, ગ્રાહકો માટે કોઈપણ પ્રકારની વિમા સુરક્ષા પણ લેવામા આવેલ નહી જેને પરિણામે પેઢીના ગ્રાહક એવા નિરવ વેકરીયાનુ પેઢીના સ્થળે પેઢીની ખામીયુક્ત સેવા તથા બેદરકારીને કારણે મૃત્યુ થયેલ છે. સબબ પેઢીના ભાગીદારો, પેઢી જે સ્થળે ચાલતી હતી તે સ્થળના માલીકો મૃતક નિરવ વેકરીયાના પરિવારને ૨૦ લાખ રૂપિયા વળતર ચૂકવે તેવી દાદ આ ફરિયાદ તળે માંગવામા આવી છે.આ ફરિયાદને લગતુ તમામ સાધનિક રેકર્ડ કે જે રાજકોટ કલેકટર કચેરી, પોલીસ કમિશનર કચેરી અને મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક હોય તે તમામ દસ્તાવેજી પુરાવાઓ આયોગ સમક્ષ રેકર્ડ ઉપર લઈ આવી શકાય તે હેતુથી રાજકોટના કલેકટર, પોલીસ કમિશનર તથા મ્યુનિસિપલ કમિશનરને પક્ષકાર તરીકે જોડવામા આવ્યા છે.

# જુના માર્કેટ યાર્ડની અંદર પીધેલી હાલતમાં કાર ચલાવી નીકળેલા બુટલેગરની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામાકાંઠે બાયપાસ રિંગ રોડ પાસે આવેલા જુના માર્કેટ યાર્ડની અંદર બી.ડિવિઝન પોલીસના હેડ કોન્સ્ટેબલ એચ.જે.જોગડા તથા કોન્સ્ટેબલ ધનાભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે માર્કેટ યાર્ડમાં આવેલા ખટારાના પાર્કિંગ પાસે એક શખ્સ મારૂતિ ગ્રાંડ વિટારા કાર નં.જીજે૩૬ એજે૧૨૩૦ નંબરની લઈ દારૂ પીધેલી હાલતમાં જાહેરમાં સર્પ આકારે ચલાવી નીકળતા પોલીસે તેને અટકાવી પૂછપરછ કરતા પોતે ટંકારાના લગધીર ગઢ ગામનો રોહિત લક્ષ્મણ ગોરા હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની પાસેથી રૂ.૨૫૬૫૦ રોકડ મળી આવતા આ રોકડ ક્યાંથી આવી તેમ પૂછતા પોતે દારૂનો વેપારના પૈસા હોવાનું કહેતા પોલીસે ત્રણ મોબાઈલ અને કાર સહિત રૂ.૧૨.૮૭ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# લેન્ડ ગ્રેબિંગના કેસમાં ખોડિયારનગરના બે આરોપીના આગોતરા જામીન મંજુર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ફરીયાદીની જમીન કે જે મવડી રેવન્યુ સર્વે નં. ૩૯ (જુના સર્વે નં. ૫૧)ની સનદ નં. ૧૪૮ની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ પૈકી પ્લોટ નં. ૫૨ જમીન ચો. વા.આ. ૫૯૭-૫-૦ જે ૧૫૦ ફુટ રિંગ રોડ, ગોવર્ધન ચોકથી આગળ, બસ સ્ટોપ થી આગળ આવેલ હોય, જે તા. ૧૨/ ૪/ ૦૭ના રોજ વેચાણ દસ્તાવેજથી રૂા.૬૧ હજારમાં ખરીદ કર્યો હતો. ત્યારબાદ કોઈ પણ સમયે આ પ્લોટ ઉપર વેલા કડવાભાઈ જોગસ્વા (રહે. ખોડીયારનગર, રાજકોટ) અને પંકજ મૈયાભાઈ બાંભવા (રહે. ખોડીયારનગર, રાજકોટ) સહિતના એકબીજાને મદદગારી કરી કોઈપણ જાતના નોંધણી દસ્તાવેજો કર્યા વગર કાચા પાકા મકાનો બનાવી લઈ બાંધકામ કરી ગેરકાયદેસર કબ્જો કરી પચાવી પાડ્યા અંગે કલેકટર તંત્રની સૂચનાથી લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. દરમિયાન જે તે વખતે ગુજરાત હાઈકોર્ટમાં દ્વારા અપાયેલો સ્ટે પાછો ખેંચી લેતા બંને આરોપીઓએ રાજકોટની સ્પે. અદાલતમાં આગોતરા જામીન અરજી કરી હતી. જે મામલે પંકજ બાંભવાને રૂા.૧૫ હજારના આગોતરા જામીન મંજુર કરતો હુકમ ફરમાવ્યો છે.

આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ પિયુષભાઈ એમ. શાહ, અશ્વિનભાઈ ગોસાઈ, નીવીદ પારેખ, નિતેશ કથિરિયા, જીતેન્દ્ર ઘુળકોટીયા, વિજય પટગીર, હર્ષીલ શાહ, ચીરાગ શાહ, પરાગ લોલારીયા અને આસિસ્ટન્ટ રવીરાજભાઈ વાળા રોકાયા હતા.